Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐卐
卐卐

# શ્રી આત્માનંદ પ્રકાશ



તપશ્ચર્યા

તપશ્ચર્યા દ્વારા શરીર પર
લાગેલી કર્મો અને
રાગ દ્વેષ આદિની
કાલિમા દૂર
થાય
છે.

માનદ્ તંત્રી : શ્રી કે. જે. દોશી એમ. એ.
માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા બી. એ. એમ.એડ્.

卐卐
卐卐

પુસ્તક : ૮૫
અંક : ૧૧

ભાદરવો
સપ્ટેમ્બર
૧૯૮૮

આત્મ સંવત ૯૪
વીર સંવત ૨૫૧૩
વિક્રમ સંવત ૨૦૪૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ૧૦ તપના પ્રકાર | મૂળ પ્રવચનકાર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મ. સા. ગુજરાતી રૂપાન્તર કુમારપાળ દેશાઈ | ૧૬૫ |
| ૨. | વિશ્વના જ્ઞેય તત્ત્વો અને અંતિમ ધ્યેય | શ્રી જયંતિલાલ સુરચંદ્ર બદામી | ૧૭૨ |
| ૩. | અનુમોદના | શ્રી નારાયણ ચત્રભુજ મહેતા | ટાઈટલ-૪ |
| ૪. | સમાચાર | | ૧૭૯ |


## યાત્રા પ્રવાસ અંગે

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી શ્રી કચ્છ ભદ્રેશ્વરની ફરતી યાત્રા તા. ૩૦–૯–૮૮ અને તા. ૧–૧૦–૮૮ અને તા. ૨–૧૦–૮૮ની યાત્રા રાખેલ હતી. તે હાલમાં તે ધાર્મિક મહોત્સવ પ્રસંગો શરૂ હોઇને મોકુફ રાખેલ છે.

શ્રી જૈન આત્માનંદ સભા

## સ્વર્ગવાસ નોંધ

શ્રી કાન્તિલાલ વૃજલાલ દલાલનું સં. ૨૦૪૫ના શ્રાવણ વદ ૧૩ના રોજ દુઃખદઅવસાન થયેલ તે સમાચાર લખતા અમે ઘણુ દુઃખ અનુભવીએ છીએ તેઓશ્રી આપણી સંસ્થાના આજીવન સભ્ય હતા ધર્માચરણ માટે તેમને ઘણો રસ હતો તેમના અવસાન પ્રત્યે અમે દિલસોજી વ્યકત કરીએ છીએ તેમના કુટુમ્બીજનો પર આવી પડેલ આપત્તિમાં અમે સમવેદના પ્રગટ કરીએ છીએ. સ્વર્ગસ્થનો આત્મા ચિરશાન્તિ પામે એવી પ્રાર્થના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા બી.એ.; એમ.એડ.

વર્ષ : ૮૫] ● વિ. સં. ૨૦૪૪ ભાદરવો-સપ્ટેમ્બર-૮૮ ● [અંક : ૧૧

## ૧૦. તપના પ્રકાર

મૂળ પ્રવચનકાર : આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજ સા.
ગુજરાતી રૂપાન્તર : ડો. કુમારપાળ દેસાઇ

ફાનસ પર કાચનો ગોળો લગાવવામાં આવે છે કારણ કે એનાથી પ્રકાશ બહાર ફેલાતો રહે અને બીજી બાજુ પવનના સપાટાથી અંદર બળતો દીવો બુઝાઈ નહિ. આ કાચનો ગોળો ફુટેલો હોય કે એના પર કાળાશ લાગી ગઈ હોય તો એને ફાનસ પર લગાવવાથી બંને હેતુ સિદ્ધ નહિ થાય. બંને હેતુ પાર પાડવા માટે તો ફાનસના ગોળાને સાફ પણ રાખવો પડશે અને એ ફુટી ન જાય એની તકેદારી પણ રાખવી પડશે. આત્માના પ્રકાશ વિશે આવું જ કહેવાય. પ્રકાશિત દીવાની સુરક્ષાને માટે અને બધા અંગો પર અજવાળું પડતું રહે તે માટે શરીરરૂપી ગોળા પર કર્મો, રાગ-દ્વેષ, કષાય અથવા તો વિષય-વિકારોની કાજળઘેરી કાલિમા લાગી જાય તે ચાલશે નહિ. શરીરરૂપી ગોળામાં રોગ, વૃદ્ધત્વ જેવી તિરાડ પડી જાય ધર્મપાલનને માટે સાવ અશક્ત અને કષ્ટસહનને માટે સાવ અસમર્થ બની જાય તો એને આત્માની ચેતન-જ્યોતિ સાંપડતી નથી. વળી ખૂબ ઝડપથી આયુષ્ય પૂર્ણ થવાથી મૃત્યુની ઠોકરથી એ ફુટી જાય તો પણ આવું જ થાય. સવાલ એ છે કે શરીરરૂપી ગોળાની કાલિમા દૂર કરવાનો અને એને ફુટતો કે અશક્ત બનતો અટકાવવા માટે કઇ શક્તિ સમર્થ છે? ભગવાન મહાવીર અને અન્ય મહાપૂરુષો કહે છે,

'આ શક્તિ છે તપશ્ચર્યા.''

તપશ્ચર્યા દ્વારા શરીર પર લાગેલી કર્મો અને રાગ-દ્વેષ આદિની કાલિમા દૂર થાય છે અને શરીર ઠંડી કે ગરમી, બાહ્ય આફતો કે આંતરિક દુ:ખોને સમભાવપૂર્વક સહન કરવામાં સમર્થ, સશક્ત અને દીર્ઘાયુષ બને છે. આત્મચેતનાના આ બંને પ્રકાશ રક્ષકોમાં પહેલું આભ્યંતર તપ છે અને બીજું બાહ્યતપ છે.

### જીવનના બે રૂપ

આપણા જીવનના પણ બે રૂપ છે. એક બાહ્યજીવન અને બીજું આભ્યંતર જીવન. આપણું શરીર અને શરીરના ઈન્દ્રિય, મન, બુદ્ધિ આદિ બધા અંગ-ઉપાંગો બાહ્યજીવન કહેવાય છે. આ શરીરની ભીતરમાં ચેતનાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકાશથી પરિપૂર્ણ એવો આત્મા બિરાજમાન છે, એનો પ્રકાશ આ શરીર પર અને શરીરના બધા અવયવો પર પડી રહ્યો છે, જેને કારણે જ શરીર આધારિત છે. આનું નામ છે આભ્યંતર-જીવન.

આપણે બાહ્યજીવનને અને આભ્યંતર-જીવનને-બંનેને મહત્ત્વ આપીશું. આભ્યંતર-જીવનની ઉપેક્ષા કરીને માત્ર બાહ્યજીવનને જ મહત્ત્વ આપીએ તો આપણે માત્ર શરીર, ઈન્દ્રિયો આદિને જ મહત્ત્વ આપ્યું ગણાય. આવી સ્થિતિમાં તો આપણે શરીર આદિને સજાવવા એની સુખ સુવિધાઓ મેળવવા તેમજ એના પાલન, પોષણ અને પુષ્ટિ માટે રાતદિવસ ડુબેલા જ રહીશું. આવું કરવાથી તો અનેક અનર્થ પેદા થાય અને જીવન અશાંત અને સંઘર્ષમય બની જાય. માત્ર બાહ્યજીવનને મહત્ત્વ આપનાર માનવીઓ આત્માને વિસરી જાય છે. શરીરને સર્વાધિક મહત્ત્વ આપનારા માનવીઓ જ શરીરમાં આત્માની જ્યોતિ બુઝાઈ જતાં અને અંતરંગ જીવનનો પ્રકાશ ઝાંખો પડતા બાહ્યજીવનથી તત્કાળ છૂટવા માગે છે. આ પ્રકારનું અતિ શીઘ્ર વિસર્જન દહનક્રિયા કે દફનક્રિયા બેમાંથી એક રીતે કરે છે. આ દૃષ્ટિએ જોઈએ તો આભ્યંતરજીવનનું જ સૌથી વધુ મહત્ત્વ છે એના અસ્તિત્વ પર જ બાહ્યજીવનની હયાતી ટકેલી છે. આભ્યંતરજીવનનો પ્રકાશ બુઝાઈ જતાં બાહ્યજીવનનું કોઈ મહત્ત્વ રહેતું નથી. જ્યા સુધી આભ્યંતર જીવનના ચૈતન્યનો પ્રકાશ આપણા શરીર અને શરીરના અવયવો પર પડી રહ્યો છે, ત્યાં સુધી જ બાહ્યયજીવનનું સ્થાયિત્વ છે. આભ્યંતર જીવનની વિદાય સાથે બાહ્યજીવનને પણ વિદાય લેવી પડે છે.

આભ્યંતરજીવનનો નાયક આત્મા બાહ્યજીવન સાથે સામંજસ્ય સાધે નહિ અને એની સાથે જોડાઇ જાય નહિ ત્યાં સુધી એ પોતાના પૂર્વના (પૂર્વજન્મના સંચિત) શુભ-અશુભ કર્મોને હટાવી શકશે નહિ. આવા કર્મો સાથે કે વિષય-વિકારો સાથે ઝઝુમવાની, લડવાની અને જીતવાની તાકાત બાહ્યજીવન (શરીર વગેરે) વિના માત્ર આભ્યંતરજીવનના નાયકની પાસે હોતી નથી. એકલો (આત્મા) કશું કરી શકતો નથી. માત્ર સિદ્ધભગવાનના શરીરરહિત આત્મા જ આવું કરી શકે. બાહ્યજીવન દ્વારા તપસ્યા, ધ્યાન, ભાવના, પરિષહજય, ચારિત્ર્ય આદિના આરાધનથી જ આભ્યંતરજીવનનો પ્રકાશ શુદ્ધ અને સુરક્ષિત રહે છે અને તો જ એ પૂર્વજન્મના કર્મમલને સાફ કરી શકે છે.

આભ્યંતરજીવન અને બાહ્યજીવન બંનેનું પોતપોતાની રીતે આગવું મહત્ત્વ છે. બંને પરસ્પરના પૂરક છે. બાહ્યજીવન ઈમારત છે તો આભ્યંતરજીવન ઇમારતમાં વસનાર માનવી છે. જો મકાનમાં કોઇ રહેનારું ન હોય તો એ સાર-સંભાળ કે મરમ્મત વિનાનું નિર્જન મકાન આપોઆપ જ જમીનદોસ્ત થઇ જશે. બીજી બાજુ રહેનાર હોય પણ મકાન ન હોય તો તે સુરક્ષિત રીતે રહી શકશે નહિ. અને સાથે ચોર, બદમાશ કે ધાડપાડુ પોતાના માલ લૂંટી લેશે એવો ભય ચકરાવા લેતો હોય છે. વળી આ મકાન મજબૂત હોવું જોઈએ જેથી એ એકાદ આંધીના સપાટામાં ધરાશાયી થઇ જાય નહિ. મકાનમાં વસનાર પણ વિવેકી અને જાગૃત ન હોય તો એ મકાન જલદીથી જીર્ણ-શીર્ણ થઇ જશે. વળી મકાનમાં વસનાર પોતાના પડોશીઓ સાથે વેર-ઝેર અને લડાઈ ઝઘડા કરીને ઘરને નરક પણ બનાવી શકે છે. બરાબર આવું જ બાહ્યજીવન અને આભ્યંતરજીવન વિશે છે. આભ્યંતરજીવનની સુરક્ષા માટે મકાનરૂપી બાહ્યજીવનની જરૂર છે અને બાહ્યજીવનરૂપી મકાનને સુરક્ષિત અને મજબૂત રાખવા માટે આંતરજીવનની જરૂર છે. બંને શક્તિવંત અને મજબૂત હોય તે અત્યંત આવશ્યક છે. અન્યથા બાહ્યજીવન કષ્ટ કે આફતરૂપી પવનના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામાન્ય સપાટાને પણ સહન કરી શકશે નહિ. વળી આભ્યંતરજીવન બાહ્યજીવનની ઉપેક્ષા કે અવગણના કરે તો તે શીઘ્ર જીર્ણ-શીર્ણ થઇ જશે.

## બાહ્યતપ અને આભ્યંતરતપ

આ વાત તપને બરાબર લાગુ પડે છે. ભગવાન મહાવીર તપનું વિશ્લેષણ કરતાં બાહ્ય-તપ અને આભ્યંતર તપ – એમ તપના બે પ્રકાર દર્શાવ્યા. બાહ્યતપ આપણા શરીર પર અને આભ્યંતર તપ આપણા મન પર પ્રભાવ પાડે છે. અને આ બંને મળીને આપણા આત્મા પર અસર કરે છે. માત્ર બાહ્યતપને જ મહત્ત્વ આપીએ તો તો શરીર અને ઇન્દ્રિયોને શુષ્ક બનાવીને કે તપાવી-તપાવીને અટકી જઈશું. શરીર અને ઇન્દ્રિયોને કૃશ કરવાથી જ તપનો પ્રભાવ જાગશે નહિ અને તે આભ્યંતરતપના માધ્યમથી આત્મા સુધી પહોંચશે નહિ. શરીર કૃશ થશે. પરંતુ વિષય-વિકાર કે કષાય ઓછા કે પાતળા થશે નહિ. માત્ર આભ્યંતરતપને જ પ્રાધાન્ય આપીએ તો આભ્યંતરતપ સિદ્ધ કરવા માટે આવશ્યક એવી ભૂખ-તરસ, ઠંડી-ગરમી અથવા તો અન્ય દુઃખ કે કષ્ટ સહન કરવાની ક્ષમતા જાગશે નહિ. આભ્યંતરતપમાં દુઃખ અને કષ્ટ સહન કરવા માટે બાહ્યતપ જ મહત્ત્વનું બને છે અને એથી જ કોઈ એકને વધુ પ્રાધાન્ય આપવાથી કામ સરશે નહિ. આભ્યંતરતપનો પ્રકાશ બાહ્યતપને મળે નહિ તો બાહ્યતપ એ કેવળ તાપ જ બની રહેશે. વળી આવું બાહ્યતપ અભિમાન, આડંબર, ક્રોધ કે ઈર્ષાનું કારણ બની જશે. બાહ્યતપને નામે અનેક પ્રકારના દંભ, આડંબર અને સ્વાર્થ પેસી જશે અને આવું તપ કાં તો વેપાર બની જશે અથવા પ્રતિષ્ઠાનું સાધન થઈ જશે. જો આભ્યંતરતપને બાહ્યતપની મદદ ન મળે તો તે એકલવાયું કર્મો અને વિષયકષાયોનો સામનો કરી શકશે નહિ. બલ્કે એની આગળ મોંમાં તરણું લેશે. આત્માની શુદ્ધિ, કર્મોનો ક્ષય અને રાગદ્વેષના નિવારણ માટે બાહ્યતપ દ્વારા એગને તપાવવાની જરૂર હોય છે ત્યાં એકલું આંતરતપ કામ નહિ આપે.

મકાન અને એમાં નિવાસીની માફક બાહ્ય-તપ અને આભ્યંતર તપ બંને પરસ્પર સાથે સામંજસ્ય સાધતા હોવા જોઈએ. જો બાહ્યતપને આભ્યંતરતપના ગુણોનો પ્રકાશ ન મળે તો બાહ્યતપ સત્ત્વહીન અને નિસ્તેજ બની જશે અને એવી જ રીતે આભ્યંતરતપને બાહ્યતપની મદદ ન મળે તો તે અસમર્થ અને પંગુ બની જશે. આમ 'અંધપંગુન્યાયેન' મુજબ બંને પરસ્પરના પૂરક છે.

## તપનાં લક્ષણો

બાહ્યતપ અને આંતરતપના લક્ષણોનો વિચાર કરીએ. બાહ્યતપમા અન્ન અને પાણીનો સર્વથા કે થોડે અંશે ત્યાગ કરવામાં આવે છે. લૂખું-સૂકું ખાઇને સ્વાદવિજય મેળવવામાં આવે છે. ધર્મપાલનને માટે કષ્ટ સહન કરી ઈન્દ્રિય, વાણી અને શરીરને વિષયવિકારોથી અળગા રાખીને એમના પર તપનો પ્રભાવ પાડવામાં આવે છે. આવા તપથી શરીર કૃશ થઈને યોગ્ય રીતે કેળવાય છે અને એ આત્માનું અનુચર બનીને કામ કરે છે. આભ્યંતરતપમાં ભાવોની શુદ્ધિ કે સેવા, મૈત્રી, ત્યાગ, વિનય, સહિષ્ણુતા અને વીતરાગતા આદિ ભાવ જાગૃત થાય છે. રાગ-દ્વેષ પાતળા પડે છે. જીવનમાં કષ્ટ સહન કરવાની ત્યાગ-બલિદાન કરવાની સ્ફુર્તિ, પ્રેરણા અને વિચારધારા જાગે તેમજ ટકી રહે છે. વિકાર (વિષયોથી વિકકિત જીવનમાં સતત પ્રગટતી હોય છે.

## પારસ્પારિક સંબંધ

હવે સવાલ એ છે કે આ બંને તપ વચ્ચે પરસ્પર કેવો સંબંધ છે? જ્યાં સુધી આત્માની શુદ્ધિ અને પવિત્રતાનો સવાલ છે ત્યાં સુધી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ બંને વચ્ચે પૂર્યપૂરક-ભાવ-સંબંધ છે. બાહ્યતપ આભ્યંતરતપનું પૂરક છે અને આભ્યંતરતપ બાહ્યતપનું પૂરક છે. બાહ્યતપ આભ્યંતર શુદ્ધિમાં ઉદ્બોધક કે પ્રેરક અવશ્ય હોય છે, પરંતુ આત્માની શુદ્ધિ સાથે એનો સીધો સંબંધ નહિ હોવાથી એ પૂર્ણજાગૃતિ લાવવા સમર્થ નથી તેમજ એ પ્રત્યક્ષ મોક્ષનો હેતુ ધરાવતું નથી. એ પરંપરાથી આત્માની શુદ્ધિનું કારણ બને છે, પણ પ્રત્યક્ષ રૂપે નહિ. આત્મશુદ્ધિનું સીધું કાર્ય તો આભ્યંતરતપથી જ થાય. બાહ્યતપ આભ્યંતરતપમાં સહાયક બને છે એટલે જ બાહ્યતપ આત્માની શુદ્ધિમાં સીધેસીધું કારણ હોતું નથી. આભ્યંતરતપના માધ્યમથી એ કાર્યને સર્જે છે. આભ્યંતરતપ જ સીધેસીધું આત્મશુદ્ધિ અથવા મોક્ષનું કારણ છે.

બાહ્યતપ પરંપરાથી મોક્ષ કે આત્મશુદ્ધિનું કારણ હોવા છતાં જો જાગૃતિપૂર્વક એનું આચરણ કરવામાં આવે, એમાંના રાગદ્વેષ, વિષયકષાયોને દૂર કરીને વીતરાગતા કે સમતા સાથે જીવનસૂર મેળવવામાં આવે, આધ્યાત્મિકતા, આત્મૌપમ્ય કે સમત્વનો આનંદ જાગે અથવા તો જીવનમાં સ્ફુર્તિ અને પ્રસન્નતા ઉત્તરોત્તર વધતી રહે તો તેવું બાહ્યતપ જીવન માટે જરૂરી છે. એનાથી જીવન ઉન્નત થશે, પરંતુ જો બાહ્યતપથી આનંદનો આવિર્ભાવ થતો નથી, તો મનમાં સમતાને બદલે કલેશ, વૈષમ્ય, રાગદ્વેષ અને ક્રોધાદિ કષાયોનો પ્રાદુર્ભાવ થાય છે વળી એ બાહ્યતપને આભ્યંતરતપનો કોઈ પ્રકાશ મળતો નથી, તેમજ જીવનમા કોઈ જાગૃતિ, વિવેક કે ઉત્સાહ પ્રગટતા ન હોય તો એમ કહેવું જોઈએ કે આવું બાહ્યતપ ત્યાજ્ય છે કારણ કે એ આભ્યંતરતપનું પૂરક બનવાને બદલે એનો સમૂળગો સાથ જ છોડી દે છે. આવું બાહ્યતપ માત્ર શરીરને તપાવવાની દૃષ્ટિથી જ થતું ગણાય.

## તપના ત્રણ ભેદ

ભગવદ્ગીતામાં તપનું સુંદર વર્ણન મળે છે. એમાં અનાસક્ત ભાવે કર્મ કરવાનું વિધાન હોવાથી ફળની આસક્તિ વિના નિષ્કામભાવે તપ કરવાનો મહિમા ગવાયો છે. એમાં તપના ત્રણ ભેદ આ રીતે દર્શાવવામાં આવ્યા છે—

'दे-द्विजग-गुरु-प्राज्ञपूजनं, शोचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रिय-हितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥

मनः प्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत् तपो मानसमुच्यते ॥ '

"દેવતા, બ્રાહ્મણ, ગુરુ અને બુદ્ધિમાનની પૂજા (સેવા) કરવી. પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ શારીરિક તપ કહેવાય. ઉદ્વેગ પેદા ન કરનારી સત્ય અને હિતકર વાકયવાળો સ્વાધ્યાય અને અભ્યાસ એ વાણીનું તપ છે. મનની પ્રસન્નતા. સૌમ્યતા, મૌન, આત્મ (ઇન્દ્રિય અથવા મન), નિગ્રહ, ભાવશુદ્ધિ—આ બધા માનસિક તપ કહેવાય."

જૈન-શાસ્ત્રોમાં આ જ વાત જુદી રીતે તપના બાર ભેદોમાં બતાવવામાં આવી છે.

'શાસ્ત્રોમાં બાહ્યતપના છ ભેદ દર્શાવવામાં આવ્યા છે—૧. અનશન (ઉપવાસ) ૨. ઊણોદરી ૩. વૃત્તિસંક્ષેપ ૪. રસપરિત્યાગ ૫. કાયકલેશ અને ૬. પ્રતિસંલીનતા.

આભ્યંતરતપના શાસ્ત્રોમાં છ ભેદ આપ્યા છે— ૧. પ્રાયશ્ચિત્ત ૨. વિનય ૩. વૈયાવૃત્ય (સેવા) ૪. સ્વાધ્યાય ૫. ધ્યાન અને ૬. વ્યુત્સર્ગ.

જૈનધર્મ અને તપ બંનેનો અવિનાભાવી ભાવી સંબધ છે. કારણ કે જૈન શાસ્ત્રોમાં તપસ્વીઓના પુષ્કળ વર્ણન મળે છે તેમજ તપનું વિસ્તૃત વિવેચન સાંપડે છે. સ્વયં ભગવાન મહાવીર દીર્ઘ તપસ્વી હતા. અને એમણે સાડા બાર વર્ષ સુધી આકરી તપશ્ચર્યા કરી હતી. સમાજમાં પ્રચલિત દાસદાસીને વેચવાની અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખરીદવાની પ્રથા સામે તેમજ એમની સાથે થતાં અમાનુષી વ્યવહાર અંગે એમણે અભિગ્રહ (સત્યાભિમુખી સંકલ્પ) કર્યો હતો જે ચંદનબાળાના નિમિત્તે પાંચ મહિના અને પચીસ દિવસમાં ફલિત થયો. ભગવાન મહાવીરના સંઘમાં ૧૪,૦૦૦ સાધુ હતા અને ૩૬,૦૦૦ સાધ્વીઓ હતી. જેમાંના મોટા ભાગના સાધુ-સાધ્વી તપસ્વી હતા. ધન્ના અણગારને આ તપસ્વી સાધુ-સાધ્વીઓમાં સર્વોપરિ ગણાવવામાં આવે છે. એમની પ્રશંસામાં કહ્યું છે—

'धन्य धन्ना अणगार'

આ ધન્ના અણગાર શાલિભદ્રજીના સંબંધી નહિ પણ અન્ય વ્યક્તિ હતા.

કેટલાક લોકો શાસ્ત્રોમાં વર્ણવેલા તપસ્વી સાધુ-સાધ્વીઓના ચરિત્ર વાંચીને સ્થૂળ (બાહ્ય) તપને વધુ મહત્ત્વ આપે છે અને આભ્યંતર-તપની ઉપેક્ષા કરે છે. એક રીતે જોઈએ તો-એમને યાદ પણ કરતાં નથી. શાસ્ત્રોમાં જેટલા તપસમૃદ્ધ સાધકોનું વર્ણન આવે છે એમના જીવનમાં બાહ્યતપની સાથોસાથ આભ્યંતર-તપનું સામંજસ્ય હતું. ભગવાન મહાવીરનું જ જીવન જોઈએ. એમના જીવનકાળમાં એમણે લાંબા સમયના ઘણા ઉપવાસ કર્યા પરંતુ ક્યારેય સમતા ગુમાવી નહિ. આભ્યંતરતપ બાહ્યતપની સાથોસાથ એમના જીવનમાં ચાલતું જ હતું. આની ઉત્કૃષ્ટ સાબિતી એ છે કે તેઓ અનાર્ય પ્રદેશમાં ગયા ત્યારે પણ મોટે ભાગે બાહ્ય-તપશ્ચર્યામાં જ રહ્યા. પરંતુ સાથોસાથ આવનારી મુશ્કેલીઓ અને પ્રહારોની સામે પ્રસન્નતાથી ઝઝુમીને સમભાવ રાખ્યો અને આભ્યંતરતપનો પરિચય આપ્યો. એમનું ચિંતન, મનન, એટલું ગહન હતું કે મહિનાના મહિનાઓ સુધી એમને ખબર નહોતી પડતી કે ભૂખ અને તરસ શું ચીજ છે? જેમ એક વૈજ્ઞાનિક પોતાની પ્રયોગ-શાળામાં કોઈ પ્રયોગ પાછળ તલ્લીન બની જાય એ જ રીતે ભગવાન મહાવીર ગહન ચિંતનમાં ડુબી જતા હતા.

આત્માની ભૂલ, વિકાર કે દોષનું નિવારણ કરવા માટે તેઓ જ્યારે પોતાની સ્થિતિ પર વિચાર કરતા ત્યારે એમને એમના પોતાના જ શરીરની સૂધબૂધ રહેતી નહોતી કે તેઓ કેમ છે? ક્યાં છે? એને ભૂખ કે તરસ લાગી છે કે નહિ? ભગવાન મહાવીર કર્મોને નેસ્તનાબૂદ કરવા માટે, પોતાના દોષોને હટાવવા માટે કે પોતાના કુસંસ્કારો કે અપરાધોને નષ્ટ કરવા માટે આત્મશુદ્ધિ અર્થે અધ્યાત્મ-ચિંતનમાં એટલી ઊંડી ડુબકી લગાવતા કે ત્રણ-ત્રણ ચાર-ચાર મહિના થઈ જાય તોપણ એમને ખ્યાલ આવતો નહિ આ સમયે એમની શક્તિ ઓછી થતી નહિ, કારણ કે અંતરતમમાંથી જ એમને પ્રેરણા સ્ફુર્તિ અને શક્તિ મળ્યા કરતા હતા. આવી અવ્યક્ત શક્તિ પર એમને પૂરો ભરોસો હતો.

અર્જુન અણગારનું જ વર્ણન જુઓ. મુનિદીક્ષા લેતી વખતે જ એમણે ભગવાન મહાવીર પાસેથી યાવત-જીવન છઠ-છઠ પારણા કરવાની પ્રતિજ્ઞા કરી હતી. પારણાના દિવસે તેઓ રાજગૃહીમાં ભિક્ષા માટે જતા હતા. એ રાજગૃહી નગરીમાં થોડા દિવસ અગાઉ નરહત્યા થઈ હોવાથી ચોપાસ ભયનું વાતાવરણ હતું. શાસ્ત્ર કહેતું હતું કે ભિક્ષામાં જે કાંઈ લૂખો-સૂકો આહાર મળે તેનાથી ચલાવી લેવું ક્યારેક પાણી મળે તો આહાર ન મળે. ક્યારેક આહાર મળે તો પાણી ન મળે. રાજગૃહીના લોકો એમને જોતાં જ મારવા દોડતા. કોઈ અપશબ્દ બોલે, તો કોઈ લાઠીમાર વરસાવે, કોઈ મુક્કો આપે તો કોઈ ધક્કો લગાવે. છ મહિના સુધી અર્જુન અણગારની આવી દુર્દશા થઈ, પરંતુ ક્ષમાવીર અર્જુન મુનિએ બાહ્યતપની સાથે આર્તરૌદ્ર-ધ્યાનનો ત્યાગ તથા કષાયવ્યુત્સર્ગ તેમજ કાયોત્સર્ગ રૂપ આભ્યંતરતપનો સમુચિત અભ્યાસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્યો હતો અને તેને પરિણામે જ તેઓ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ ગયા.

ગજસુકુમાર મુનિ બાહ્યતપની સાથોસાથ સ્મશાનભૂમિમાં કાર્યોત્સર્ગરૂપી આભ્યંતરતપમાં લીન હતા. એમના ગૃહસ્થકાળના સસરા સોમિલે ક્રોધમાં આવીને એમના હમણાં જ મુંડિત કરાયેલા મસ્તક પર ભીની માટીની પાલ બાંધીને એમાં ધગધગતા અંગારા મૂક્યા અને બોલ્યા,

'અરે ધુતારા! મારી દીકરીને દુઃખી અને નિરાધાર છોડીને તું અહીં સાધુ બની ગયો છે? તેં મને દગો કર્યો છે લાવ, તને મજા ચખાડું.'

ગજસુકુમારને શું એ સમયે ક્રોધાવેશ થયો હતો? એમણે લેશમાત્ર ક્રોધ કે દ્વેષ કર્યા વિના એમ માન્યું કે મારા સસરાએ મને મુક્તિની પાઘડી બંધાવી છે. સમભાવપૂર્વક વેદના સહન કરીને શરીરને અનિત્ય જાણીને એના પ્રતિ મોહ મમતા છોડી દીધા. એક માત્ર આત્માના ચિંતનમાં ડૂબી ગયા હતા પરિણામે શુકલધ્યાનને કારણે એમને કેવળ જ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત થયા.

આ જીવતા-જાગતા ઉદાહરણો જ બતાવે છે કે બાહ્યતપની સાથોસાથ આભ્યંતરતપ પણ હોવું જરૂરી છે.

આજ તો કેટલાંક લોકોએ બાહ્ય તપશ્ચર્યાની સાથે ક્રોધ અને અહંકારનો ઇજારો લીધો હોય તેવું લાગે છે તપસ્વીની સાથે ક્રોધનું ગઠબંધન ન જાણે ક્યારે થઇ ગયું! હકીકતમાં તો અણસમજને કારણે જ બાહ્યતપ દેખાદેખી અને યશપ્રાપ્તિની ઇચ્છાથી કરવામાં આવે છે. ક્રોધ કરવાથી તો કેટલાય વર્ષો સુધી કરેલી તપશ્ચર્યાનો નાશ થઇ જાય છે. તપ સાથે ક્રોધ આદિ કષાયો જો કામ કરતા હોય તો એનું ફળ મળતું નથી. આમ તપની સાથે કષાય અથવા રાગદ્વેષ ઉપશાંત થવા જોઇએ તો જ તપથી સિધ્ધિ સાંપડે આથી કહેવાયું છે કે —

कोप धर्म धन दहे, अगनि जिम विरख विनासै।
कोप सुजस आवरै, राहु जिम चन्द गिरासै॥

कोप नीतिदल मलै, नाग जिम लता विहंडे।
कोप काज सब हरै, पवन जिम जलधर खंडे॥

किये कोप दुख उपजे, बढै तृषा जिम धूप महं। करूणा विलोप गुण गोपजूत कोय निसिध्ध महंत कह ॥१॥

બાહ્યતપની સાથે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, શરીરાસક્તિ, વિષયાસક્તિ, સ્વાદ વૃત્તિ જેવા વિકારો ઓછા થવા જોઇએ તો જ બાહ્યતપ આભ્યંતરતપ દ્વારા આત્મશુદ્ધિ કરનારું બનશે. આમ નહિ થાય તો જે પુરાણા કર્મોને કાપવા માટે બાહ્યતપ કરવામાં આવે છે એ તો કપાશે નહિ, પરંતુ નવા અશુભ કર્મોનો બંધ થશે. બાહ્યતપ ક્ષમા, સરળતા, વિનય, નમ્રતા, સંતોષ અનાસક્તિ આદિથી જ પોતાના ઉદ્દેશમાં સફળ થાય છે. બાહ્યતપની સાથોસાથ અભ્યંતરતપનો પ્રકાશ અથવા તો આંતરિક જીવન પણ ઉન્નત બનવું જોઇએ.

કેટલાંક લોકો બાહ્યતપની મજાક કરતા હોય છે તેઓ કહે છે કે, બાહ્યતપ તો નિરર્થક છે એમાં શરીરને વ્યર્થ કષ્ટ આપવાનું હોય છે મુખ્ય તો અંતરંગ તપ છે અને તેથી જ અમે આભ્યંતરતપના સમર્થક છીએ બાહ્યતપની અમારે કશી જરૂર નથી પરંતુ આપણા શાસ્ત્રો સાવ જુદી વાત કરે છે, શાસ્ત્રોનું કથન છે કે આભ્યંતરતપની સક્રિયતા અને સિદ્ધિને માટે બાહ્યતપની અનિવાર્ય આવશ્યકતા છે અને રહેશે જ્યાં સુધી સુધી સાધકની ભૂમિકા સામાન્ય હોય છે અને એની સાધના એટલી દૃઢ હોતી નથી ત્યાં સુધી એને બાહ્યતપની અત્યંત આવશ્યકતા હોય છે ઉચ્ચ ભૂમિકાએ પહોંચ્યા પછી ભલે એને બાહ્યતપની જરૂર ન હોય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોજન મળતા વાર તો માથું ફરવા લાગે, શાકદાળમાં મીઠું ઓછું હોય તો ગુસ્સે થઇને થાળી ફેંકી દે એક દિવસ રોટલી ન મળે તો માથું દુ:ખવા આવે રોટલી કડક કે કાચી થઈ હોય તો કડવા વેણ સંભળાવે મિઠાઈ વિના એક દિવસ પણ રહેવાય નહિ સ્વાદિષ્ટ વસ્તુ ખાવા માટે મન સદા આતુર રહે પોતાની જીભ, મુખ કે પેટ પર સહેજે નિયંત્રણ રાખી શકે નહિ. આવી વ્યક્તિઓને માટે બાહ્ય તપ અત્યંત જરૂરી છે.

જે વ્યક્તિ ભૂખ કે તરસ સહન કરી શકતી નથી, જે થોડી વધુ ઠંડી કે ગરમીથી અકળાઇ જાય છે. પોતાની સ્વાદલોલુપતાને કારણે અથવા તો ખાઉધરાપણાને લીધે વારંવાર બિમાર પડે છે એવી વ્યક્તિઓ માટે તો છયે પ્રકારના બાહ્યતપ અત્યંત આવશ્યક છે. એમણે તક મળે સતત બે, ત્રણ, ચાર કે પાંચ ઉપવાસ કરવા યોગ્ય જ ગણાય. એનાથી એમને ખ્યાલ આવશે કે ભૂખનું દુઃખ કેવું કપરું હોય છે! ભૂખ્યા માનવીઓની વેદનાનો અનુભવ થતાં એમના પ્રત્યે સંવેદના જાગશે અને પોતાની સહજ સ્થિતિ અને સહિષ્ણુતા પ્રાપ્ત કરશે.

આનો અર્થ જ એ કે બાહ્યતપની સાથે આંતરતપનો ખ્યાલ રાખવો જરૂરી છે. જેવી રીતે આભ્યંતરતપની સાથે બાહ્યતપને લક્ષમાં રાખવું આવશ્યક છે. બંનેનું સામંજસ્ય સાધવું જોઇએ અને તો જ તપનો ઉદ્દેશ પૂર્ણ થશે. આ બંને ભેદ સૈદ્ધાંતિક દૃષ્ટિએ એટલા બધા મહત્વના છે કે એનું યોગ્ય મનન કરીએ તો ખ્યાલ આવશે કે બાહ્યતપ માટે આભ્યંતરતપ અને આભ્યંતરતપ માટે બહ્યતપ જરૂરી છે. સાધક બંનેનો સમન્વય કરીને જ ચાલે છે અને તેથી જ બંનેનો 'અતિ' રહેતો નથી. એક બાજુ કઠોર બાહ્યતપની અતિશયતા દૂર થશે તો બીજી બાજુ આભ્યંતરતપની સાથે સાથે બાહ્યતપ પ્રત્યેની લાપરવાહીનો 'અતિ' પણ નષ્ટ થઈ જશે.

જેઓ બાહ્યતપ અને આભ્યંતરતપ બંનેની યથાશક્તિ આરાધના કરશે. તેઓ આત્મશુદ્ધિ સાધીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બની જશે.

સ્થળ – જૈનભવન, બીકાનેર    તા. ૩-૮-૪૯

## પર્યુષણ-પર્વ નિમિત્તે લોસ એન્જલિસમાં
## ડૉ. કુમારપાળ દેસાઇનાં પ્રવચનો

ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના રીડર અને જૈન દર્શનના ચિંતક ડૉ. કુમારપાળ દેસાઇ પર્યુષણ પર્વ દરમિયાન લોસ એંજલિસમાં તાજેતરમાં તૈયાર થયેલા જૈન સેન્ટરમાં પ્રવચન આપશે પર્યુષણના આઠે દિવસ દરમિયાન તેઓ જૈન ધર્મના વિવિધ પાસાઓની અને ભાવનાઓની છણાવટ કરશે. તાજેતરમાં યોજાયેલા પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન ''વર્લ્ડ જૈન કોંગ્રેસ''માં આપેલુ પ્રવચન દેશ-વિદેશના વિદ્વાનોની પ્રશંસા પામ્યું હતું.

ડૉ. કુમારપાળ દેસાઇએ પચાસ જેટલી સાહિત્યકૃતિઓ રચી છે જેમાં જૈન સાહિત્ય અને સંશોધનની મહત્વની કૃતિઓનો સમાવેશ થાય છે. જૈન ધર્મના રહસ્યવાદી કવિ ''મહાયોગી આનંદઘનજી' પર મહાનિબંધ લખીને એમણે પી. એચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. જૈન જાગૃતિ સેન્ટર દ્વારા 'જૈન જ્યોતિર્ધર'નો ઇલ્કાબ આપીને તેઓનું સન્માન કરવામાં આવ્યું છે. અમેરિકા, ઇંગ્લેન્ડ અને અફ્રિકાનો જૈન દર્શનના પ્રસાર અને પ્રચાર માટે પ્રવાસ ખેડી ચૂક્યા છે. ભારત જૈન મહામંડળ (ગુજરાત શાખા)ના કાર્યકારી અધ્યક્ષ હોવા ઉપરાંત શ્રી મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર, શ્રી સમસ્ત જૈન સેવા સમાજ, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ શ્રી યશોવિજયજી જૈન ગ્રન્થમાળા જેવી સંસ્થાઓમાં તેઓ અનેકવિધ કામગીરી બજાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વના જ્ઞેય તત્ત્વો અને અંતિમ ધ્યેય

લેખક : શ્રી જયંતિલાલ સુરચંદ્ર બદામી

જીનેશ્વર ભગવાન મહાવીરે પ્રરૂપેલા તત્વોમાં બે મુખ્ય તત્વો છે. એક જીવ તત્વ અને બીજું અજીવ તત્વ જીવ તત્વ સ્વભાવથી અરૂપી, અનંત, જ્ઞાનમય, ચૈતન્યમય, આનંદમય છે. એના બે મુખ્ય ભેદો છે. મુક્ત અને સંસારી જીવોમાં પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય અને બે થી પાંચ ઇન્દ્રિયવાળા જીવો – એમ ભેદો છે. પંચેન્દ્રિયમાં નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ આમ ૪ મુખ્ય ભેદો છે. સંસારી જીવાત્મા સંકોચ વિકાસના ગુણવાળો છે. કવચિત જ લોકવ્યાપી બને છે. ચેતના રહિત અજીવ તત્વના વિભાગમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને પુદ્ગલાંસ્તિકાય એમ ૪ તત્વો છે. કાળનો પણ કેટલાક એક તત્વ તરીકે સમાવેશ કરે છે.

અહીં ધર્મ એ વસ્તુ સ્વભાવ કે સદાચારના અર્થમાં નથી લેવાનો. અહીં એનો અર્થ ગતિ સહાયક એક વિશિષ્ટ દ્રવ્ય તરીકે લેવાનો છે. (આવા જ પ્રયોજન માટે આજના ભૌતિક વિજ્ઞાનમાં ETHER નામે એક પદાર્થ મનાતો હતો ) ધર્માસ્તિકાય ન હોય તો કોઈ પણ દ્રવ્યનું હલન ચલન ન થઈ શકે. આ જ પ્રમાણે સ્થિતિ માટે સહાયક દ્રવ્ય અધર્મ નામે ઓળખાય છે.

બીજાં બધાં તત્વોને રહેવાની જગ્યા-અવગાહના આપવાનો ગુણ લોકાકાશનો છે. જ્યાં લોકાકાશ છે ત્યાં સર્વત્ર ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય છે. પુદ્ગલ સિવાયના બધાં તત્વો અરૂપી છે. પુદ્ગલ એ એક જ રૂપી છે અને સ્પર્શ, રસ, ગંધ અને વર્ણયુક્ત છે.

ધર્મ, અધર્મ, અને આકાશ તો સ્વભાવ પરિણતી સ્વરૂપ જ છે, આથી જીવનો પુદ્ગલ સિવાયનાં બધાં દ્રવ્યો સાથેનો સંબંધ નિર્લેપ જ ગણાય.

પુદ્ગલના વિશિષ્ટ પ્રકારના પરમાણુઓ, જેને કર્મ કહે છે તેનો આત્માના પ્રદેશો સાથે તાદાત્મ્ય ભાવ થવાથી – કર્મબંધ થવાથી, આત્માના ગુણોનું આવરણ થાય છે. આવા કર્મ યોગ્ય પુદ્ગલ પરમાણુઓ આકાશમાં સર્વત્ર રહેલાં છે એને ગ્રહણ કરવા જીવને અન્યત્ર જવું પડતું નથી.

કર્મોના આત્મા સાથે બંધ માટે આવવાના દ્વારને આસ્રવ કહે છે. જેનાથી જીવમાં કર્મો સ્રવી આવે તે આસ્રવ એનું કારણ મન, વચન અને કાયાનો વ્યાપાર છે.

કર્મબંધમાં પાંચ કારણો છે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય અને મન, વચન, કાયાનો વ્યાપાર.

મિથ્યાત્વ : એટલે ટૂંકમાં ખોટી માન્યતા, દૃષ્ટિ વિપર્યાસ, અતત્વ શ્રદ્ધા.

અવિરતિ ; એટલે વિરતિનો અભાવ, ત્યાગ – નિયમ ન હોવા તે.

પ્રમાદ : એટલે અજ્ઞાન, અશુભ સ્મરણ, શુભનું વિસ્મરણ

કષાય : કષ એટલે સંસાર તેનો લાભ જેનાથી થાય તે કષાય. ક્રોધ, માન, માયા, લોભ અને હાસ્ય વગેરેને કષાય કહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મન, વચન, કાયાના વ્યાપારથી પણ બંધ થાય છે. આવતા કર્મોને રોકવા તેને એટલે આસ્રવના નિરોધને સંવર કહે છે. આત્મા અને કર્મના સંબંધનો ક્ષય તેને નિર્જરા કહે છે.

અનશન, ઉણોદરી, વિ. બાહ્ય તપ અને પ્રાયશ્ચિત્ત સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ વિ. અભ્યંતર તપથી નિર્જરા થાય છે.

સંપુર્ણ કર્મોનો ક્ષય થાય ત્યારે આત્મા નિર્મળ થાય છે શુદ્ધ થાય છે, પરમેષ્ઠિ-પરમાત્મા જિન થાય છે.

આત્માની મુક્તિ થાય એ જ અંતિમ ધ્યેય છે. એ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કર્યા પછી ફરીથી કદી પણ સંસારમાં ભ્રમણ નથી.

જીવને સ્વભાવમાં આવ્યા પછી વિભાવ પરિણતિ ફરીથી થવાનું અસંભવ છે. આ જૈન દર્શનનું પાયાનું મંતવ્ય છે.

કર્મના અથવા આત્માના આવરણના મુખ્ય ૮ પ્રકાર છે. ૪ ઘાતી કર્મો અને ૪ અઘાતી કર્મો. આત્માના મૂળ ગુણોનો ઘાત કરે તે ઘાતી કર્મ દા. ત. જ્ઞાન ગુણનો ઘાત કરનારૂં કર્મ તે જ્ઞાનવરણીય કર્મ. આત્માના દર્શન ગુણ, સામાન્ય બોધ, તેનું આવરણ જેનાથી થાય તે દર્શનાવરણીય કર્મ.

જે કર્મને લીધે આત્મા વિવેક ભૂલે, જડ-ચૈતન્યના ભેદનું, સદ્-અસદ્નું ભાન ગુમાવે તે કર્મોમાં મહાભયંકર મોહનીય કર્મ છે. ચોથું ઘાતીકર્મ, અંતરાય કર્મ-આત્માની શક્તિમાં દાન આપવામાં-લેવામાં ભોગ-ઉપભોગ વિ.માં જેનાથી વિઘ્નો આવે તે

ચાર અઘાતી કર્મો, વેદનીય, આયુ, નામ અને ગોત્ર આત્મા આનંદઘન હોવા છતાં જે કર્મના ઉદયથી શરીરનું સુખ-દુઃખ અનુભવે છે તે વેદનીય કર્મ.

જે કર્મથી એક દેહમાં અમુક કાળ રહેવું પડે તે આયુ કર્મ. આત્માને ધારણ કરવાના સારા અને નરસા; આકૃતિ, વર્ણ-અવયવો -શરીરનો બાંધો, જશ અપજશ વિ. નામ કર્મનું ફળ છે.

ગોત્ર કર્મ જીવને સંસારમાં ઉચ્ચ-નીચ સ્થાન અપાવે છે પુણ્ય અને પાપ એ કર્મના જ ભેદો છે. શુભ કર્મ એટલે પુણ્ય અને અશુભ કર્મ એટલે પાપ

જેમ ખાણમાં રહેલું સુવર્ણ, પત્થર, માટી વિ. દ્રવ્યો સાથે મળેલું હોય છે. અને બહુ મહેનતે, એસીડ, તાપ વિ. પ્રક્રિયાઓથી શુદ્ધ રૂપમાં લાવી શકાય છે. તેમ આત્મા અને કર્મમય આવરણોનું છે. કર્મબંધથી જ આત્માને એક ભવમાંથી બીજામાં એમ ભવભ્રમણ કરવું પડે છે. અને જ્યાં સુધી એ સંબંધ છૂટો ન થાય ત્યાં સુધી સૂક્ષ્મ કાર્મણ શરીર રૂપે કર્મ આત્મા સાથે એક ભવમાંથી બીજા ભવમાં જાય છે. નિર્જરા ન થઈ હોય તેવા કર્મના ફળો દરેકને અચૂક ભોગવવાજ પડે છે. ચક્રવર્તિ રાજા હોય કે દેવેન્દ્ર હોય કે તીર્થંકર હોય ખુદ શ્રી મહાવીર ભગવાને એમના મુખ્ય ૨૭ ભવોમાંથી ૧૮માં ભવમાં ત્રિપુષ્ટ વાસુદેવ તરીકે શય્યા પાલકના કાનમાં ઉકળતું સીસું રેડાવ્યું હતું. તેના પરિપાક રૂપે એમની છદ્મસ્થ અવસ્થામાં લગભગ છેલ્લા તબક્કામાં શય્યાપાલકનો જીવ, જે ગોવાળ થયો હતો તેણે ઝાડની સળીઓ કાનમાં ઠોકી અને એ ભગવાનને થયેલા ઉપસર્ગોમાં સૌથી મ્હોટો ગણાય છે. શ્રેણિક રાજાએ ધર્મ પામ્યા પહેલાં ખૂબ રાચીને ગર્ભવતી હરિણીનો શિકાર કરેલો અને નિકાચિત એટલે ભોગવવાં પડે જ એવા કર્મ બંધના ફળ રૂપે નરકગામી થવું પડયું.

જૈન શાસ્ત્રોમાં કર્મનું સ્વરૂપ, એનો સ્વભાવ, એની સ્થિતિ વિ. વિગતથી અને વિશદતાથી દર્શાવ્યું છે તેવું બીજા કોઇ દર્શનમાં નથી. ખાસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરીને કર્મોનું પુદ્‍ગલ તરીકેનું સ્વરૂપ.

જીવ અનાદિ છે જીવના ભવ અને કર્મ સંબંધ અનાદિ છે. – અનાદિ કાળથી ચાલ્યા આવે છે. આ કર્મબંધથી આત્માને અનાદિ કાળથી ભવભ્રમણ થયા કરે છે. આ પરિસ્થિતિ દુઃખરૂપ, દુઃખફળ આપનારી અને પરંપરાએ પણ દુઃખ ઉત્પન્ન કરનારી છે.

જીવની મોક્ષ પામવાની યોગ્યતાને ભવ્યત્વ કહે છે મોક્ષ મેળવવાની યોગ્યતા વગરનો જીવ અભવિ કહેવાય છે દરેક જીવને પોતાનું આગવું – individual "તથા ભવ્યત્વ" હોય છે.

આ તથા ભવ્યત્વનો પરિપાક થાય ત્યારે જ પાપકર્મનો ક્ષય થઈ શુદ્ધધર્મની પ્રાપ્તિ થાય છે અને તેનાથી ભવભ્રમણનો અંત લાવી ધ્યેય મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જેમ કેરીને પકવવામાં ઘાસ વિ.માં મૂકવાથી મદદ મળે છે તેમ "તથાભવ્યત્વ"ના પરિપાક માટે ત્રણ કારણો છે.

૧. અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ આ ચારનું શરણ

૨. દુષ્કૃતની નિંદા

૩. સુકૃતની અનુમોદના

આથી પરંપરાએ મોક્ષ પ્રાપ્તિ થાય છે. અનંતકાળની અજ્ઞાનની ગાઢ સુષુપ્ત અવસ્થામાં રહેલો જીવ સ્હેજ આધ્યાત્મિક જાગૃતિમાં આવે ત્યારે ચિરકાળના અભ્યાસથી આત્માથી પર વસ્તુઓનો શરીરાદિનો – આત્મીયતાથી "હું મારૂં" એમ સ્વીકાર કરે છે.–માને છે,

चिरं सुषुप्तास्तमसि मूढात्मानः कुयोनिषु.
अनात्मियात्मभूतेषु ममाऽहंमिति जाग्रति ॥

આ બધા વિષયો ગ્રહણ કરવા માટે તર્ક અને શ્રદ્ધા બેની જરૂર છે. જે વિષયોમાં તર્ક અને યુક્તિપૂર્વક નિશ્ચય કરી શકાય, તેનો એ રીતે જ નિશ્ચય કરી જેનું વચન સાચું લાગે તે જ ગ્રહણ કરવાનું જૈન શાસ્ત્રો કહે છે. લોકતત્વ નિર્ણય ગ્રંથમા હરિભદ્રસૂરિએ કહ્યું છે કે,

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रह ॥

વીર વિષે મારો પક્ષપાત નથી, કપિલ વગેરેમા મારે દ્વેષ નથી, જેનું વચન યુક્તિ યુક્ત લાગે તેનું વચન ગ્રહણ કરવું જોઈએ. પરંતુ છદ્મસ્થની બુદ્ધિ સિમિત છે. એટલે બધી વસ્તુઓ તર્કથી સમજી ન શકાય કેટલીક અતીન્દ્રિય બાબતો આત્માના વિશિષ્ટ જ્ઞાનથી જ જાણી શકાય દા. ત. અનંત કાળ સુધી ચાલનારો સંસાર, અનંત જીવોથી ભરેલું સંસારનું સ્વરૂપ, જીવોનું "તથાભવ્યત્વ" વિ, વિષયો તર્કશાસ્ત્રની સીમાઓથી પર લાગે છે. આવા વિષયો માટે ઉપદેષ્ટાના આપ્તત્વની–ઉપદેષ્ટાની વિશ્વાસનીયતાની પૂરી પરીક્ષા કરી, પછી જ તેના વચનમાં શ્રદ્ધા રાખવી જોઈએ રાગદ્વેષનો આત્યંતિક ક્ષય તે આપ્તિ અને જેને હોય તે આપ્ત એટલે જ જ્યાં તર્ક ન ચાલી શકે ત્યાં તો વીતરાગનું વચન જ આધારભૂત ગણાય.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય (અયોગવ્યવચ્છેદિકામાં) કહે છે કે;

न श्रद्धयैव त्वयि पक्षपातो न द्वेषमात्रादरूचि परेषु ।
यथावदाप्तत्व परीक्षयातु त्वामेव वीरप्रभुमाश्रिता स्मः ॥

શ્રદ્ધા માત્રથી જ તારામાં પક્ષપાત નથી અને દ્વેષમાત્રથી બીજા માટે અરુચિ નથી. પરંતુ જે રીતે આપ્તની પરીક્ષા કરવી જોઈએ તે પ્રમાણે પરીક્ષા કરીને જ તારો, વીરપ્રભુનો જ આશ્રય કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભરદરિયે વહાણુ તોફાનમાં હોય અથવા ઘર ભડકે બળતું હોય ત્યારે બચવાનો સાચો ઉપાય મળે અથવા શ્રદ્ધેય સહાયક મળે ત્યારે તેમાં શ્રદ્ધા રાખી આપત્તિમાંથી ઉગરવાનાં પગલાં લેવાનું જ વિચારવાનું હોય. એ અવસરે આ આપત્તિ ક્યારે આવી, કેમ આવી વિ. સાટે વિચાર કરતાં નિષ્ક્રિય રહેવું એ અવ્યવહારૂ જ ગણાય.

જેને અરિહંત ગણ્યા છે એવા ઉત્તમોત્તમ પુરુષ માટે વિચાર કરીએ. જીવને મોક્ષપ્રાપ્તિ મનુષ્ય-જન્મમાંથી જ થાય છે.

ઉમાસ્વાતિ મહારાજે મનુષ્યના ૬ પ્રકારો ગણાવ્યા છે.

૧. અધમાધમ : જે ઈહલોક અને પરલોક બન્નેમાં અહિત થાય એવા કાર્યો કરે.

૨. અધમ : આ લોકના હિતની જ પ્રવૃતિ કરે પરલોકમાં ગમે તે થાય.

याचद् जीवेत् सुखं जीवेत्
ऋणं कृत्वा घृतं पिबेत् ।
भस्मीभूतस्य देहस्य
पुनरागमनम् कुतः ॥

૩. વિમધ્યમ : બન્ને લોકનું હિત સંભાળે.

૪. મધ્યમ : ફક્ત પરલોકનું જ હિત ધ્યાનમાં રાખે. આ લોકમાં ભલે દુઃખ સહન કરે.

૫ ઉત્તમ : એની પ્રવૃત્તિ આત્માના અંતિમ ધ્યેય મોક્ષ માટે જ હોય છે.

૬. ઉત્તમોત્તમ : જે પોતે કૃતાર્થ થઈ, ઉત્તમ ધર્મ પામી, બીજાને ઉપદેશ આપે,

આત્માને જ્યારે ૪ ઘાતી કર્મોનો ક્ષય કરી, ફક્ત ૪ અઘાતી કર્મો જ બાકી રહ્યા હોય ત્યારે સદેહ પરમાત્મ દશામાં અથવા જીવનમુક્ત દશામાં આ સંસારમાં હોય છે. અને સંપૂર્ણ પ્રત્યક્ષજ્ઞાન હોવાથી કેવળી કહેવાય છે.

કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય એવા જીવોમાં પણ પૂર્વ જન્મની વિશિષ્ટ સાધનાથી, અચિંત્ય પુણ્ય પ્રકૃતિનો બંધ કર્યો હોય અને વિશિષ્ટ એવું તીર્થંકર નામકર્મ કર્યું હોય તેવા જીવો નવું ધર્મતીર્થ પ્રવર્તાવે છે. અને તીર્થંકર અથવા અરિહંત કહેવાય છે. અને જગતના પરમોપકારી હોવાથી પરમેષ્ઠિઓમાં એનું પ્રથમ સ્થાન છે. એ વીતરાગ છે છતાં એમની પ્રાર્થના કરવાથી એમના પ્રભાવ માત્રથી આપણને ઘણો લાભ થાય છે

પ્રભુમંદિરમાં ચૈત્યવંદન કરતાં "જય વીયરાય" સૂત્રમાં આપણે માગણી કરીએ છીએ કે, जयवीयराय जगगुरूहोउ मम तुह पभावओ भयवं । भवनिव्वेओ मग्गाणुसारिआ इट्ठफल सिद्धि । કે તારા પ્રભાવથી મને સંસાર પરથી વૈરાગ્ય, માર્ગાનુસારીપણું અને ઇષ્ટફલસિદ્ધિ મળો. આમા ઇષ્ટફલસિદ્ધિ એટલે આ લોકના ઐહિક ઇષ્ટફલની પ્રાપ્તિ કે જેથી ચિત્ત શાંતિ મળે અને ઉપાદેયમાં પ્રવૃત્તિ થાય

તીર્થંકરોને કેવળજ્ઞાન પામ્યા પછી વિશિષ્ટ પ્રભાવવાળી વિભૂતિઓ હોય છે. દા. ત. અશોકવૃક્ષ, છત્ર, ચામર, વિ. આઠ મહાપ્રાતિહાર્યો, વિહાર કરતાં પગ મૂકે ત્યાં સુવર્ણ કમળો, ઈન્દ્રધ્વજ, સમવસરણ–જ્યાં બેસી એ ઉપદેશ આપે ધર્મ, ચક્ર વિ.

"તિજયપહુત્ત" નામના પ્રભાવિક નવસ્મરણોમાંથી ચોથાં સ્મરણમાં પહેલી જ ગાથામા ત્રણ જગતના પ્રભુત્વના પ્રકાશક એવા ૮ મહાપ્રતિહાર્યયુક્ત અરિહંતોનું સ્મરણ કર્યું છે. ભક્તામર અને કલ્યાણમંદિર જેવા મહાપ્રભાવિક સ્તોત્રોમાં પણ આ વિભૂતિઓનું સુંદર વર્ણન કર્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ બધુ અરિહંતનું રૂપસ્થ ધ્યાન કરવામાં અતિ ઉપયોગી અને ખૂબ આલંબન રૂપ છે. એમ મને લાગે છે. છતાં પણ તીર્થંકરોની મહત્તા આ બધાં પ્રતિહાર્યો કે અતિશયોથી નથી.

આપ્તમિમાંસામાં શ્રી સમંતભદ્રાચાર્ય કહે છે તેમ देवागम नभोयान चामरादि विभूतयः मायाविष्वपि द्रश्यन्ते नातस्त्वमसिनो महान॥

વિભૂતિઓ તો માયાવિઓમાં પણ દેખાય છે. એટલા માટે કંઈ અમને તમારી મોટાઈ નથી.

ઘણા ભવોની સાધના પછી છેલ્લા ભવમાં શ્રી મહાવીરસ્વામીનો ૧૨ વર્ષ ઉપરનો સાધના-કાળ એમના આયુષ્યના પ્રમાણમાં બધા તીર્થંકરોમાં દીર્ઘ હતો. દા. ત. ૧૯ માં તીર્થંકર શ્રી મલ્લીનાથને તો દીક્ષા લીધી તે જ દિવસે કૈવલ્ય ઉત્પન્ન થયું હતું. કેવળ જ્ઞાનની પ્રાપ્તિ પછી ચરમ તીર્થંકર શ્રી મહાવીરે બે પ્રકારનો ધર્મ ઉપદેશ્યો: સર્વવિરતિ ધર્મ અને દેશવિરતિ ધર્મ, અને શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘની સ્થાપના કરી સાધુ-સાધ્વી સર્વવિરતિ ધર્મમાં અને શ્રાવક-શ્રાવિકા દેશ વિરતિ ધર્મમાં સર્વવિરતિને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોનું સંપૂર્ણ પાલન કરવાનું છે.

૧. અહિંસાવ્રત એટલે પ્રાણાતિપાત, વિરમણ વ્રત એટલે કે જીવોનો વધ કે પ્રાણહાનિ ન કરવી, શારીરિક કે માનસિક દુ:ખ ન આપવું અને જગતના સર્વ જીવ પ્રત્યે કરૂણાભાવ રાખવો તે.

૨. સત્યવ્રત અથવા મૃષાવાદ વિરમણ વ્રત–અસત્ય વચન કદી પણ બોલવું નહિ. વચનો જો અપ્રિય અને અહિતકારક હોય તો તે પણ અસત્ય જ ગણાય.

प्रियं पथ्यं वचस्तथ्यं सुनृत व्रतमुच्यते ।
नत् तत्थमपि नो तथ्यं अप्रियं चाहितं चयत ॥

૩. અસ્તેયવ્રત અથવા અદત્તાદાન વિરમણ વ્રત કોઈપણ સંજોગોમાં માલિકની અનુજ્ઞા વગર વસ્તુનો ઉપભોગ કરવો નહિ. ગોચરીમાં પણ ખપ પૂરતું જ લો.

૪ બ્રહ્મચર્યવ્રત-મૈથુન વિરમણવ્રત. જાતીય સંબંધનો સર્વવિરતિને સર્વથા ત્યાગ કરવાનો છે. એ માટે કડક નિયમો પાળવાના છે.

૫. અપરિગ્રહ મહાવ્રત-ભોગોપભોગની બધી વસ્તુઓ ઉપરથી મૂર્છાનો મમતાનો ત્યાગ.

આ પાંચે મહાવ્રતોના સમ્યગ્પાલન માટે ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ સર્વવિરતિએ પાળવાની છે ચારિત્ર્ય ધર્મનું પાલનપોષણ કરતી હોવાથી આ ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિને અષ્ટ પ્રવચન માતા કહેવામાં આવે છે.

મન, વચન અને કાયાના વ્યાપારનું ગોપન કરવું તે અનુક્રમે મનગુપ્તિ, વચનગુપ્તિ, અને કાયગુપ્તિ કહેવાય છે. જ્યાં ઉપયોગ કરવો જ પડે ત્યાં સમ્યક્ પ્રકારે ઉપયોગ કરવો એટલે કે—

૧. જવા આવવાનું હિંસા ન થાય એવી રીતે સાવધાની પૂર્વક કરવું.
૨. બોલવામાં કપાયપૂર્વક ન બોલવું તેનો ઉપયોગ રાખવો.
૩. ભિક્ષા લેવામાં સાવધાન રહેવું.
૪. કોઈ પણ વસ્તુ લેતાં-મૂકતાં ઉપયોગ રાખવો.
૫. મળ-મૂત્ર બીજી કોઈ વસ્તુનો ત્યાગ કરવામાં ઉપયોગ રાખવો.

દેશવિરતિ માટે દેશથી અંશથી અહિંસા વિ. પાંચ વ્રતો પાળવાના છે. તે અણુવ્રતો કહેવાય છે. ઉપરાંત ૩ ગુણવ્રતો અને ૪ શિક્ષાવ્રતો મળી ૧૨ વ્રતોનું પાલન કરવાનું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩. ગુણવ્રતો – ૧ દિગ્પરિણામ વ્રત. જવા આવવાની દિશામાં પરિમાણ.

૨. ભોગોપભોગ પરિમાણ વ્રત–આહાર–વસ્ત્ર વિ.માં પરિમાણ.

૩. અનર્થદંડ વિરમણ વ્રત–વિશિષ્ટ પ્રયોજન વગર અપધ્યાન પાપોપદેશ, શસ્ત્રાદિ પ્રદાન અને પ્રમાદાચરણનો ત્યાગ.

૪. શિક્ષાવ્રતો – ૧. સામાયિક–બે ઘડી સમતા પૂર્વક સાધુ જેમ રહેવું.

૨. દેશાવગાસિક – વ્રતોમાં રાખેલી સામાન્ય છુટોનો દૈનિક સંકોચ કરવો.

૩ પૌષધ – આઠ પ્રહર કે ચાર પ્રહર સુધી સામાયિકની કરણી

૪. અતિથિ સંવિભાગ–ભક્તિપૂર્વક સાધુઓને આહાર વસ્ત્ર પાત્ર વિ.નુ દાન કરવું.

ભગવાન મહાવીરે જેમ ધર્માચરણ માટે દ્વિવિધ ધર્મનો ઉપદેશ આપ્યો તેમ દર્શનશાસ્ત્રમાં તેમનો પ્રરૂપેલો અનેકાંતવાદ અથવા સ્યાદ્વાદ એ આ જગત પર કરેલો બહુ મોટો ઉપકાર છે.

કોઈ પણ વસ્તુનો મૂળ સ્વભાવ એ એનો "ગુણ" છે. કાળક્રમે જે બદલાય તેને પર્યાય કહે છે. એક સાદો દાખલો લઈએ. સુવર્ણના ટુકડામાંથી કંઠી બનાવી થોડા સમય પછી કંઠીમાંથી બંગડી બનાવી એમ આકારો બદલાતા રહે. ઉપલા દૃષ્ટાંતમાં કંઠી–બંગડી એમ પર્યાયો બદલાયા પણ સુવર્ણતત્ત્વ તો એ જ રહ્યું.

એ જ પ્રમાણે જુદી જુદી ગતિમાં ભ્રમણ કરતા અથવા એક જ ગતિમાં પણ બાહ્યરૂપથી બદલાયા કરતા આત્માને–આ બદલાતાં રૂપોનો વિચાર કરી કેટલાક ક્ષણિક કહેશે. એનું સ્વાભાવિક–અનંતજ્ઞાનમય, ચૈતન્યમય સ્વરૂપ તે એ જ રહે છે. કોઇક એને નિત્ય પણ આ દૃષ્ટિએ કહેશે. પણ આ બન્નેમાં સત્યના અંશો જ છે. આત્મા પરિણામી નિત્ય છે, એમ કહેવામાં બન્ને વિધાનોમાં રહેલાં સત્યના અંશોનો સમન્વય થશે. એક જ વસ્તુના અનેક ધર્મો છે. જુદી જુદી દૃષ્ટિએ જોવાથી અને તે દૃષ્ટિઓનો સમન્વય કરવાથી જ તે વસ્તુનું સાચું સ્વરૂપ સમજી શકાશે. એ અનેકાંતનો સાર છે. આ સમન્વયદૃષ્ટિ અથવા અનેકાંત માટે એક સુંદર દૃષ્ટાંત છે.

જન્મથી આંધળા એવા ૬ માણસો એક હાથી પાસે ગયા. એકના હાથમાં પૂછડું આવ્યું. એને લાગ્યું હાથી દોરડા જેવો છે. એકે પગ તપાસ્યો તેને હાથી થાંભલા જેવો લાગ્યો. જેનો હાથ પેટને અડક્યો તેને હાથી પખાલ જેવો લાગ્યો. જેના હાથમાં કાન આવ્યો તેને હાથી સુપડા જેવો લાગ્યો. જેના હાથમાં સૂંઢ આવી, તેને સાંબેલા જેવો લાગ્યો. જે દંતુશળને અડક્યો તેને ધનુષ્ય–કામઠા જેવો લાગ્યો.

દરેકે જાત અનુભવથી જોયું–તપાસ્યું હોવાથી પોતાનો જ અનુભવ ખરો લાગ્યો અને અંદર અંદર તકરાર કરવા લાગ્યા આખરે એક દેખતા માણસે વચ્ચે પડી વસ્તુ સ્થિતિ સમજાવી સમાધાન કરાવ્યું

અનેકાંતને અંજલિ આપતાં સ્વામિ અમૃતચન્દ્રસૂરી કહે છે.

परमागमस्य जीवं निषिद्धजात्यंध
सिंधुरविधानम्
सकलनय विलसीतानां विरोधमथनं
नमाम्यनेकांतम् ॥

હું અનેકાંતને નમસ્કાર કરૂં છું. જે પરમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગમનો પ્રાણ છે. સત્યનો અંશ દર્શાવનારા બધા નયોનો વિરોધ જેથી જતો રહે છે. અને જાત્યંધ એટલે જન્મથી અંધ પુરૂષોના હાથી વિષેના વિવાદનું જે શમન કરે છે.

શ્રી હેમચંદ્રાચાર્યે પણ કહ્યું છે—

इमां समक्षं प्रतिपक्षवादीनाम्
उदारघोषा मव घोषणां ब्रुवे।
न वीतरागात् परमस्ति देवतं
न चाप्यनेकांतमृते नयस्थितिः॥]

વાદીઓ સમક્ષ બુલંદ અવાજે ઉદ્‌ઘોષણા કરૂં છું કે વીતરાગથી પરમ મોટું બીજું કોઇ દેવત્વ નથી. અને અનેકાંત સિવાય બીજી કોઈ નીતિ નથી. - વસ્તુની પ્રરૂપણા કરવા બીજો કોઈ રસ્તો નથી.

આત્માના કર્મબંધમાં અથવા કર્મની નિર્જરામાં એટલે કર્મથી મુક્ત થવામાં મન, વચન, કાયા, ત્રણે કારણો ભાગ ભજવે છે. એ ત્રણેમાં જીવોનો અધ્યવસાય–મનનાં પરિણામ ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે.

એક જંગલ સાફ કરવા માટે એક દાતરડું વાપરીએ તો એક છેડેથી બીજે છેડે પહોંચતા સુધીમાં કદાચ પહેલી જગ્યાએ નવું ઘાસ ફરી ઊગી નીકળે અને આમને આમ ફરી ફરી સાફ કરીએ તો પણ અંત ન આવે જો આગ લગાડી હોય તો થોડા દિવસોમાં કે કલાકોમાં બધું બળીને સાફ થઈ જાય અને જો atom bombનો ઉપયોગ કર્યો હોય તો ક્ષણોમાં બધું ખલાસ થાય. એ જ પ્રમાણે જીવના અધ્યવસાયનુ કર્મ ક્ષય માટે છે. આ દર્શાવતા જૈન શાસ્ત્રોમાં અનેક દાખલાઓ છે સૌથી જાણીતો રાજર્ષિ પ્રસન્નચંદ્રનો છે.

શ્રી મહાવીરસ્વામીના સમયમાં પોતાનપુર નગરમાં પ્રસન્નચંદ્ર નામે એક ન્યાયી અને સત્યવાદી રાજા હતો. સંધ્યા સમયના આકાશનું સુંદર પણ ક્ષણિક સ્વરૂપ જોઈ વૈરાગ્ય પામી પોતે જ દિક્ષા લઇ વિહાર કરતાં રાજગૃહ નગરના ઉદ્યાનમાં કાયોત્સર્ગ મુદ્રામાં તપ કરે છે. એ અરસામાં મહાવીર સ્વામીના ત્યાં આવવાથી શ્રેણિક રાજા વંદનાર્થે રસાલા સાથે જાય છે. એના બે દંડધારીઓ સુમુખ અને દુર્મુખ આગળ ચાલતા હોય છે. રસ્તામાં જતાં પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોઈ સુમુખ બોલ્યો કે આ રાજાને ધન્ય છે, આખું રાજ્ય છોડી સંયમ અંગીકાર કર્યો. દુર્મુખે કહ્યું કે ધિક્કાર છે આ રાજાને કે નાના પાંચ વર્ષના બાળકને ગાદી પર મૂકી પોતે ચાલી નીકળ્યો 'હવે દુશ્મનોએ શહેરને લૂટયું છે, અને બાળકને મારી નાખી રાજ્ય લઇ લેશે. લોકો આક્રંદ કરે છે. આ બધાનું પાપ એને છે. આ સાંભળી રાજર્ષિ ધ્યાનથી ચલિત થયા. અને દુશ્મનો જોડે મનમાં ને મનમાં યુદ્ધ કરવા લાગ્યા. એ અરસામાં શ્રેણિક રાજા ત્યાંથી પસાર થતા હાથી ઉપરથી ઉતરી વંદન કરી આગળ ભગવાનના સમવસરણમાં જાય છે ભગવાનને પૂછે છે કે મેં વાંદ્યા ત્યારે પ્રસન્નચંદ્ર મૃત્યુ પામે તો કઇ ગતિમાં જાય. જવાબ મળ્યો કે સપ્તમી નારકીમાં જાય. થોડી વાર પછી પૂછતા ભગવાને કહ્યું કે હવે અનુત્તર વિમાનમાં જાય. એવામાં દેવદુંદુભિનો અવાજ સંભળાતા શ્રેણિક મહારાજાએ પૂછયું આ શાનો ઉત્સવ છે? ભગવાને કહ્યું કે પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તેથી દેવો જયનાદ કરે છે. શ્રેણિકને આ બધું ન સમજાતાં ફરી પૂછયું કે આ શું કૌતુક છે? ભગવાને સમજાવ્યું કે શ્રેણિક રાજાએ વાંદ્યા ત્યારે માનસિક યુદ્ધ ચાલતું હતું અને પ્રસન્નચન્દ્ર રાજાએ સાતમી નરકને લાયક કર્મદળો ભેગા કર્યા હતાં. લડતાં લડતાં શત્રુઓ બધા મર્યા અને આયુધો પણ ખૂટી ગયાં એક શત્રુ રહી ગયો હતો એને મારવા માથા ઉપરનો લોખંડનો ટોપ ઉઠાવવા માથે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાથ ગયો ત્યાં તો લોચ કરેલું માથું હતું બસ આટલેથી વિચારધારા બદલાઈ ગઈ કે અહો, રૌદ્રધ્યાન પરાયણ થઇને મેં શું કર્યું ? મેં તો આ બધું છોડી દીધું છે. આ બધું તો અનિત્ય છે એમ શુભ ધ્યાનમાં આગળ વધતા ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું. એક માત્ર મનના અધ્યવસાયથી કર્મબંધ અને કર્મના ક્ષયમાં કેટલો ફેર પડયો !

અંતરમાં સંસારનું અનિત્યત્વ, અશરણત્વ વિ. ૧૨ ભાવનાઓ ભાવવાથી આત્મામાં નિર્મમત્વ આવશે. તેમાંથી સમત્વ પ્રગટ થશે અને સમત્વ પ્રાપ્ત થતાં આત્મા રાગદ્વેષ ઉપર વિજય મેળવશે એથી મનશુદ્ધિ થશે, મન શુદ્ધિ વગર યમનિયમ બધું નકામુ છે. મનશુદ્ધિથી ઇન્દ્રિય જય અને કષાય જય થશે અને તેની પરાકાષ્ઠા તે જ મોક્ષ.

યોગશાસ્ત્રમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય કહે છે.

अयमात्मैव संसार. कषाये न्द्रिय निर्जित: ।
तमेव तद्विजेतार मोक्षमाहुर्मनीषिण: ॥

ઇન્દ્રિયો અને કષાયોથી જીતાયેલો આત્મા એ જ સંસાર છે કષાયો અને ઇન્દ્રિયોને જીત્યા તો એ આત્માને જ પંડિતો મોક્ષ કહે છે.

જો વાચકવર્ગમાંથી, ખાસ કરી યુવાનોમાંથી થોડાને પણ જૈન તત્વજ્ઞાન વિષે કાંઇક ઝાંખી કરાવી શકયો હોઉં અને વિશેષ જાણવા માટે જિજ્ઞાસા પ્રેરી શકયો હોઉં તો મારો આજનો પ્રયત્ન સફળ ગણીશ

મારા આ લેખમાં વીતરાગના વચન વિરુદ્ધ અજાણતા કંઈ લખાયુ હોય તો તે માટે મિચ્છામિદુક્કડમ

सर्व मंगल मांगल्यं ।
सर्व कल्लाणकारण ।
प्रधानं सर्व धर्माणाम्
जैनं जयति शासनम् ॥

# સમાચાર

## સમરો મંત્ર ભલો નવકાર
## એ છે ચૌદ પૂર્વનો સાર

વિક્રમ સંવત ૨૦૪૪ના શ્રાવણ સુદ ૨ ના તા. ૧૪-૮-૮૮ના રવિવારે ભાવનગરની પવિત્ર ધરતી પર પૂ. ચન્દ્રોદય મ૦ સા૦ ની પરમ નિશ્રામાં સામૂહિક સાધનાનું દિવ્ય વાતાવરણ ચારે દિશામાં ગૂંજવા લાગ્યું હતું. સવારે ૯-૯ મિનિટે એક કરોડ નવકારમંત્રનો સમૂહજાપ શરૂ થયો ત્યારે પૂ. મુનિભગવંતોની નિશ્રામાં ભાવનગરમાં વિવિધ ઉપાશ્રયોની દીવાલો પણ જાણે શ્રી નમસ્કાર મહામંત્રના પડઘા પાડી રહી હતી.

આ પ્રસંગે અજાયબ એવા શ્રી નવકારકુંભની સ્થાપના દાનવીર શ્રેષ્ઠીવર્ય શ્રી શાંતિલાલ શાહે (આફ્રિકાવાળા) મંગળ દીપ પ્રગટાવી કરી હતી.

નમસ્કાર મહામંત્રના પ્રચંડ આરાધક રાજકોટના શ્રી શશીકાંતભાઇ મહેતાએ શ્રી નવકાર મહામંત્રનું મહત્ત્વ સમજાવ્યું.

મહાન જાપ પૂરો થતા શેઠ શ્રી કેસરીચંદ હરખચંદ તથા શશીકાંત રતીલાલ તરફથી આરાધકોને પ્રભાવના કરવામાં આવેલ. ધન્ય હો આરાધકોની આરાધનાને અને ધન્ય હો તેની અનુમોદના કરનારાને !

## હૈયા ચડયા હીલોળે રાજ ...

ભાવનગરનો જૈન સમાજ આ વર્ષે ચાતુર્માસ ભવ્યતાથી ઉજવી રહ્યો છે. વર્ષાના અમીછાંટણાથી પ્રકૃતિએ તો નવલું રૂપ ધારણ કર્યું છે. તેની સાથે આપણાં સૌનો મનમોર પણ ટહુકી ઊઠયો છે.

તા. ૧૯-૮૮-૮ના શ્રાવણ સુદ ૬ના દિવસે સૌનું હૈયુ હીલોળે ચડયુ હતું. શ્રી દાદાસાહેબ દેરાસરના ૧૦-૧૦ જિનપ્રતિમાજીઓની પ્રતિષ્ઠાનો અપૂર્વ આનંદ સમાતો ન હતો. સમગ્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસંગની યશકલગી સમા પ્રતિમાજીઓમાંથી અમીઝરતા હતા. સૌએ તે પાવન પ્રસંગ હર્ષથી વધાવી લીધો.

પૂ. આ. મ. શ્રી વિજયચંદ્રોદયસૂરિ મ. સા. પૂ. હિકારચંદ્ર વિ. મ. ગણી શ્રી ધર્મ-વિજય મ. સા. વગેરેની શુભ નિશ્રામા ઉત્સવ અનેરો બની ગયો.

## સિદ્ધિતપની અનુમોદનાર્થે રંગદર્શી શોભાયાત્રા

ભાવનગરમાં પૂ. ચંદ્રોદયસૂરિજીની નિશ્રામાં લગભગ ૮૦૦ જેટલા ભાઇ-બહેનો સિદ્ધિતપની આરાધનામાં જોડાયા છે આ આરાધના ખૂબ જ ઉમંગભેર પ્રસન્નતા પૂર્વક ચાલી રહી છે. સિદ્ધિ-તપની અનુમોદના અને ભક્તિ કરનારાઓના દિલમાં પણ ભક્તિભાવના પુર ઉમટયા છે.

સિદ્ધિતપની અનુમોદનાર્થે તા. ૨-૯-૮૮ના રોજ એક ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી હાથી, ઊંટગાડી, ૮૦૦ તપસ્વીઓના સુશોભિત વાહનો, પાવન પ્રકાશના પુંજ રેલા-વતા પ્રભુજીના રથ અને જૈન જૈનેતરોના બહોળા સમુદાયથી શોભાયાત્રા અજોડ અને અભૂતપૂર્વ બની હતી. પૂજ્ય મુનિવૃંદની હાજરીથી આ શોભાયાત્રાનું વાતાવરણ ધર્મમય બની ગયું હતું.

આ શોભાયાત્રામાં જિલ્લા કલેકટર શ્રી પૂજારી, માજી નગરપતિ શ્રી જયંત વનાણી, ધારાસભ્ય શ્રી દિગંત ઓઝા, સૌરાષ્ટ્ર સમાચારના મેનેજીંગ દ્રસ્ટી અને માજી ધારાસભ્ય શ્રી પ્રતાપ-ભાઈ શાહ, શ્રી સંઘના પ્રમુખ શ્રી બકુભાઇ, મંત્રીશ્રી જેન્તીભાઇ વિ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ બેન્ડ, રાસમંડળીઓ, ભજન મંડળીઓ લોકનૃત્ય મંડળી વગેરેએ આકર્ષણ જમાવ્યું હતું.

## તપસ્વીઓનું બહુમાન

કરણ કરાવણને અનુમોદન
સરખા ફળ નીપજાવે....—

સર્વે સિદ્ધિતપના આરાધકોનું બહુમાન પૂ. આચાર્યશ્રી ચંદ્રોદયસૂરિજીની પાવનનિશ્રામાં શ્રી દાદાસાહેબ પટાંગણમાં શ્રી જૈન મૂ. તપાસંઘના ઉપક્રમે યોજવામાં આવ્યું હતું. તેનું અધ્યક્ષ-સ્થાન શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી શ્રેણિકભાઇએ શોભાવ્યું હતું બહારગામના મુંબઈ અમદાવાદ વગેરે સંઘોના આમંત્રિત મહાનુભાવો સર્વ શ્રી છોટાલાલ મણીલાલ શ્રી કાન્તિલાલ લક્ષ્મીચંદ, શ્રી મહાસુખરાય લક્ષ્મી-ચંદ તેમજ શેઠશ્રી બકુભાઈ ભગુભાઈ, ગૌતમ-ભાઇ વગેરેએ સમગ્ર કાર્યક્રમની સરાહના અને અનુમોદના કરી હતી.

પૂ. આચાર્યશ્રીએ સૌ આરાધકોને વાસક્ષેપ નાખી આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર સમુદાયની અને ખાસ કરીને આરાધકોની પ્રસન્નતાએ સમા-રંભની સફળતાને ભવ્ય અને ઉજ્જવળ બનાવી હતી. બાદમાં સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ

## સમાલોચના

**हैमलघुप्रक्रिया- टिप्पण्य** ( ગુજરાતી ભાષા-ન્તર સાથે ) ભાષાન્તર કર્તા શ્રી પ્રિયંકરસૂરિજી મ. સા. પ્રકાશક શ્રી પ્રિયંકર સાહિત્ય પ્રકાશન શ્રી પ્રિયંકર સૂરિ જ્ઞાનમંદિર ટ્રસ્ટ દેવાસ એપાર્ટ-મેન્ટસ ગુપ્તાનગર બસસ્ટેન્ડ પાસે વાસણા-ટોલનાકા અમદાવાદ ૩૮૦૦૫૫ કિ. ૬૦ રૂપિયા પ્રાપ્તિસ્થાન શા મનોજકુમાર ઉજમશીભાઈ ખંભાતી-મુન્શીનો ટેકરો સ્વામીનારાયણ મંદીર જી. રોડ-અમદાવાદ-૧ શ્રી સિદ્ધ હેમશબ્દાનુ-સારિણી શ્રી વિનયવિજયજી પ્રણીત આ ગ્રન્થનું ગુજરાતી ભાષાન્તર પૂજ્ય શ્રી પ્રિયંકરસૂરિ મહા-રાજ સાહેબે કર્યું છે શ્રી સિદ્ધહેમ સંસ્કૃત વ્યા-કરણ સમજવા માટે ગુજરાતી ભાષાન્તર અભ્યા-સીઓને ઉપયોગી થશે. પુસ્તકનો આ પુર્વાર્ધ છે. અને સિદ્ધહેમ વ્યાકરણના સાતમા અધ્યાય સુધી એટલે કે સંસ્કૃત વ્યાકરણ વિવરણ આ પુસ્તકમાં વર્ણવાએલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય:

## કન્યા છાત્રાલય સ્કોલરશીપ અને વિદેશમાં અભ્યાસ માટે સહાય

શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઊચ્ચ અભ્યાસ કરતી બહેનોને પ્રતિવર્ષ સ્કોલરશિપ આપે છે. તે અનુસાર ૧૯૮૮-૮૯ના વર્ષ માટે ૫૧ જૂના વિદ્યાર્થિનીઓને રૂા. ૩૩,૨૦૦)- અને આ વર્ષે નવી અરજી કરનાર ૨૩ વિદ્યાર્થિનીઓને રૂા. ૧૩,૪૦૦-ની સ્કોલરશિપ મંજુર કરવામાં આવી છે. તેમાં ૯ વિદ્યાર્થિનીઓ મેડિકલ લાઇનમાં, ૨ વિદ્યાર્થિનીઓ બી. ફાર્મનો અને ૨ વિદ્યાર્થિનીઓ એન્જિનિયરીંગનો અભ્યાસ કરે છે તેનો સમાવેશ થાય છે. આ રીતે કુલ ૭૪ વિદ્યાર્થિનીઓને રૂા. ૮૬,૬૦૦-ની સ્કોલરશિપ મંજુર કરવામાં આવી છે.

વિદેશમાં અભ્યાસ અર્થે જનાર સાત વિદ્યાર્થીઓની અરજીઓ આવી હતી, તેમાં બે વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. અરજી કરનાર દરેક વિદ્યાર્થીઓને રૂા. ૨૦,૦૦૦-લેખે કુલ રૂા. ૧.૪૦૦૦૦-ની લોન-સ્કોલરશિપ મંજૂર કરવામાં આવી છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય હસ્તકના વિદેશ અભ્યાસ માટેના અંકિત ફંડોમાં રૂા. ૫૦,૦૦૦-ની પુરાંત છે અને બાકીની રકમ સંસ્થા પોતાના ભંડોળમાંથી આપશે, એમ વિદ્યાલયની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-હીરક જયંતી

કેળવણી, જ્ઞાન, કરુણા અને સેવાનાં કાર્યોને વરેલી સસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાઇઠ વર્ષ પૂરા કરતી હોઇ આ વર્ષે તે હીરક જયંતી ઉજવે છે.

મુંબઈમાં છેલ્લા પાંચ દાયકા કરતા વધુ સમયથી ચાલતી પર્યુષણ વ્યાખ્યાનમાળાની શરૂઆત આ સંસ્થાએ કરી છે. અને આજ સુધીમાં તેમાં દેશભરમાંથી અનેક વિદ્વાનોએ ભાગ લીધો છે. શ્રોતાઓમાં પણ આ વ્યાખ્યાનમાળા ખૂબજ પ્રચલિત છે. એવી જ રીતે સંઘના મુખપત્ર "પ્રબુદ્ધ જીવને" પણ સમાજમાં વૈચારિક ક્રાંતિની મશાલ સતત જલતી રાખી છે.

સંસ્થાએ આ ઉપરાંત અનેક પ્રવૃત્તિઓ કરી છે. જ્ઞાનસત્રો, વાંચનાલય, પુસ્તકાલય, આર્થિક અને રાજકીય, કળા અને સાહિત્યના ધાર્મિક વિષયોને લગતા વ્યાખ્યાનો, પરિસંવાદો ઇત્યાદિ પ્રવૃત્તિઓ કરેલ છે. કરુણાના ક્ષેત્રે 'પ્રેમળજ્યોતિ' વિભાગ દ્વારા માનવસેવાને વરેલી સભ્ય બહેનો હોસ્પિટલ આદિ સંસ્થાઓની નિયમિત મુલાકાત લઇ જરૂરિયાતમંદ વ્યક્તિઓને દવા, ફળફળાદિ, હોસ્પિટલ ખર્ચ, માંદગી સારવાર સુરક્ષા અને આરોગ્યની જાળવણીના ક્ષેત્રે આર્થિક સહાય કરે છે. આ ઉપરાંત આવા જ કાર્યને વરેલી સામાજિક સંસ્થાઓને પણ સંઘે માતબર રકમની સહાય કરી છે. ધરમપુર આદિવાસી વિસ્તાર કેન્દ્ર, વડોદરા શ્રમમંદિર, સાપુતારા રુતંભરા વિદ્યાપીઠ, તારા-પનવેલ યુસુફ મહેરઅલી સેન્ટર, ગોરજ મુનિ સેવા આશ્રમ ઇત્યાદિ સસ્થાઓ સહાય મેળવવામાં મુખ્ય છે. એ જ રીતે કેળવણીના ક્ષેત્રે પણ ફી, ગણવેશ, પાઠ્યપુસ્તકો ઇત્યાદિમાં પણ આર્થિક સહાય કરે છે.

આ હીરક જયંતી વર્ષ નિમિત્તે ઉપર જણાવેલા અને બીજા અનેક સેવાના કાર્યોને કાયમ માટે સ્વાવલંબી બનાવવા સંઘે રૂપિયા પચીસ લાખની ટહેલ નાખી છે. સંઘના શુભેચ્છકો અને સહૃદયી ભાઇ બહેનોને આ માટે પ્રેમળ સહકાર આપવા સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે અપીલ કરી છે.

For Private And Personal Use Only

Atmanand Prakash Regd. No. G. BV. 31

# અનુમોદના

રચયિતા : નારાયણ ચત્રભુજ મહેતા કચ્છ ભીમાસાવાળા હાલ-ભાવનગર

વહાલા...રે ભાવનગરની ભલી ભોમકા અદ્ભુત યાત્રા ધામ.
ભક્તિકામ નિર્જરાધામ – દાદાસાહેબ વીરને કરીએ પ્રણામ.
ભાવભર્યાએ ભક્તિનગરમાં, શેત્રુંજયની છાયા.
ગોળબજારે મંદીર મોટું, આદીશ્વર જીનરાયા.
વહાલા....રે ચોથો આરો વરતે એવું ભાવનગરનું નામ. દાદાસાહેબ-૧

ચંદ્ર ઉદય સૂરી દેવ પધાર્યા, સંઘ સકલ ઉપકારી.
અપ્રમત્ત એ મુક્તિ વિહારી, પગલા પાવનકારી.
વહાલા....રે ભાગ્યવંત એ સંઘ ચતુર્વિધ, ભક્તિ કરે સકામ. દાદાસાહેબ-૨

જિનમંદીરમાં થાય પ્રતિષ્ઠા. જિનબિંબ પધરાવ્યા.
પાર્શ્વપ્રભુના અધિષ્ઠાયક જે ધરણેન્દ્ર પણ આવ્યા.
વહાલા...રે જિનચક્ષુમાં અમીરસ ઝરણા. થાતા ઠામોઠામ. દાદાસાહેબ-૩

સિદ્ધિતપ આરાધક સંખ્યા, આઠસો ઉપર થાતા
અષ્ટ ગુણોની સાધના કરતા. આનંદે ઉભરાતા.
વહાલા....રે અનુમોદનમાં નવપદજીનાં, ક્રોડજાપ શિવધામ. દાદાસાહેબ-૪

વ્રત ચોથુ ઉચરતા આતમ, ભવસાગરને તરવા.
જન્મ મરણના દુઃખથી છુટે, ભવના સંકટ હરવા.
વહાલા....રે પર્વ પર્યુષણ નવપદ ઓળી, કરવાનાં ઉપધાન. દાદાસહેબ-૫

ભૌતિક લક્ષ્મી સમકિત બનતી, જે ચોથા ગુણઠાણે.
પંચમ ધરના શ્રાવક સમજી, વાપરતા શુભ ટાણે.
વહાલા....રે પીસ્તાલીશ આગમની પૂજા, વિધિ યુક્ત તમામ. દાદાસાહેબ-૬

તપ અનુમોદનમાં રથયાત્રા, ધરતી પાવન કરતી.
જિન શાસનની અદ્ભુત શોભા. સહુકોનાં મન હરતી.
વહાલા....રે ભાવભર્યું ચોમાસુ દીપે, અજોડ હિંદુસ્તાન. દાદાસાહેબ-૭

ભક્તિરંગી ભાવનગરની, ધરતી મંગલકારી.
સૂરીવરની શીતલ છાયામાં, ભક્તિ કરે નરનારી.
વહાલા....રે નિશ્ચયથી નારાયણ વંદે, તપસ્વીનાં સન્માન. દાદાસાહેબ-૮

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.